સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થાના હપ્તા, વચગાળાની રાહત અને બઢતીનો અભાવ અથવા બઢતીની મર્યાદિત તકોનો પ્રશ્ન હાથ ધરવા માટે સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજના.

# ગુજરાત સરકાર
## સરકારી ઠરાવ ક્રમાંક : પગર-૧૧૯૪-૪૪-મ,

નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

તારીખ :- ૧૬મી, ઓગષ્ટ, ૧૯૯૪

વંચાણમાં લીધા :-

| | | | |
|---|---|---|---|
| ૧. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : એઓપી-૧૦૯૧-૩-મ, | તા. ૨૦-૨-૯૧ |
| ૨. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : એઓપી-૧૦૯૧-૩-મ, | તા. ૫-૭-૯૧ |
| ૩. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : એઓપી-૧૦૯૧-૨૦-મ, | તા. ૧૧-૧૦-૯૧ |
| ૪. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : એઓપી-૧૦૯૧-૨૨-મ, | તા. ૧૨-૧૧-૯૧ |
| ૫. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : એઓપી-૧૦૯૧-૨૮-મ, | તા. ૨૦-૧૨-૯૧ |
| ૬. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : એઓપી-૧૦૯૧-૩૩-મ, | તા. ૨-૧-૯૨ |
| ૭. | સરકારી પરિપત્ર નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૧૯૨-૫-મ, | તા. ૧૨-૩-૯૨ |
| ૮. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૧૯૨-૧૦-મ, | તા. ૬-૫-૯૨ |
| ૯. | સરકારી પરિપત્ર નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૧૯૨-૧૪-મ, | તા. ૧-૭-૯૨ |
| ૧૦. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૧૯૨-૧૮-મ, | તા. ૯-૧૦-૯૨ |
| ૧૧. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૧૯૩-૨૩-મ, | તા. ૨૫-૧-૯૩ |
| ૧૨. | સરકારી પરિપત્ર નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૧૯૩-૨૫-મ, | તા. ૧૯-૪-૯૩. |
| ૧૩. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૧૯૩-૨૮-મ, | તા. ૭-૭-૯૩ |
| ૧૪. | સરકારી પરિપત્ર નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૧૯૩-૩૦-મ, | તા. ૨૬-૭-૯૩ |
| ૧૫. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : એઓપી-૧૦૯૧-૨૯-મ, | તા. ૧૮-૧૨-૯૧ |
| ૧૬. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : એઓપી-૧૦૯૧-૨૯-મ, | તા. ૧૮-૯-૯૩ |
| ૧૭. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૧૯૩-૩૩-મ, | તા. ૧૭-૯-૯૩ |
| ૧૮. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૧૯૩-૩૫-મ, | તા. ૫-૧૦-૯૩ |
| ૧૯. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૧૯૩-૩૬-મ, | તા. ૧૬-૧૦-૯૩ |
| ૨૦. | સરકારી પરિપત્ર નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૧૯૪-૩૮-મ, | તા. ૨૨-૨-૯૪ |
| ૨૧. | સરકારી પત્ર નાણાં વિભાગ ક્રમાંક | : પગર - ૧૫૯૩-૧૩-મ, | તા. ૨૫-૨-૯૪ |
| ૨૨. | સરકારી ઠરાવ નાણાં વિભાગ ક્રમાંક | : પગર -૧૧૯૪-૪૦-મ, | તા. ૩૧-૩-૯૪ |

## -: આમુખ :-

રાજ્યમાં સરકારે તા. ૧૪ મે, ૧૯૮૨ના રોજ ન્યાયમૂર્તિશ્રી અહેમદીના અધ્યક્ષપદે ત્રીજા પગાર પંચની નિમણુંક કરી હતી.અહેમદી પંચે જુન, ૧૯૮૫માં પોતાની ભલામણો રાજ્ય સરકારને સુપરત કરી હતી, તે સમયે ભારત સરકારે ચોથા પગાર પંચની ભલામણો સ્વીકારી એટલે કર્મચારીઓના મંડળોએ પણ કેન્દ્રીય પગાર પંચની ભલામણો સ્વીકારવા માંગણી કરી જે સરકારે સ્વીકારી.

વધુમાં કર્મચારીઓ તરફથી પગારની વિસંગતતા, સ્થગિતતા અને બઢતીની ઓછી તકો હોવાની રજુઆતો ધ્યાનમાં રાખીને માનનીય નાણા મંત્રીશ્રીનાં અધ્યક્ષપદે તા. ૧૧ મે, ૧૯૯૦ના રોજ એક ઉચ્ચ કક્ષાની પગાર વિસંગતતા સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિએ કર્મચારીઓને ૧૨ અને ૨૪ વર્ષે રૂા. ૩,૫૦૦-૦૦ સુધીના મહત્તમ પગાર મેળવતા કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મળે તેવી ભલામણ કરી હતી. સરકારે આ ભલામણો સ્વીકારીને તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ તે મુજબના આદેશો બહાર પાડયા. આ આદેશોનો અમલ તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૧થી કરવાનો હતો. સરકારનો આશય હતો કે કેટલાંક સંવર્ગોમાં બઢતીનો અભાવ અથવા બઢતીની તકો ખુબ જ ઓછી હોવાના કારણે કર્મચારીઓ તેમના પગારમાં મહત્તમ તબક્કે સ્થગિત થઇ ન જાય.

સરકારના તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના આદેશો સામે વિવિધ કર્મચારી મંડળોએ રજુઆત કરી હતી કે સરકારના આ આદેશોથી તેમને લાભ થતો નથી. સરકારે તા. ૫મી જુલાઇ, ૧૯૯૧ના ઠરાવથી ૧૨ અને ૨૪ વર્ષની યોજના રદ કરીને તા. ૧લી જૂન ૧૯૮૭ થી અમલમાં આવે તે રીતે એવા આદેશો કર્યા કે ઉચ્ચતર પગાર ધોરણની યોજનાને લાભ ૧૨ને ૨૪ વર્ષના બદલે ૯-૧૮-૨૭ વર્ષે આપવો. ઉપરાંત ૯-૧૮-૨૭ની યોજનાને કારણે ખરેખર બઢતી મળી હોય ને રીતે પગાર નક્કી કરવામાં આવે. આ આદેશોનો અમલ કઇ રીતે કરવો તે અંગે સરકારે તા.૧૧ મી, ઓકટોમ્બર ૧૯૯૧ના આદેશથી જે સ્પષ્ટીકરણ બહાર પાડયુ. તે મુજબ તા. ૧ જુન, ૧૯૮૭ ના રોજ કે તે પછી ૯ વર્ષ કે પછી ૯ વર્ષ કરતાં વધુ સેવા એક જ સંવર્ગમાં પુરી કરી હોય તેવા કિસ્સામાં પાત્રતાના આધારે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય. પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં બીજા ૯ વર્ષની સેવા પૂરી કરે ત્યારે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય તે જ રીતે પછીના ૯ વર્ષે તૃતિય ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય.

સરકારના તા. ૧૧મી ઓકટોબર, ૧૯૯૧ના આદેશથી જે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું તે પછી મંડળોએ રજુઆતો કરી અને પરિણામે સરકાર તા.૬ ઠ્ઠી મે, ૧૯૯૨ના આદેશથી એવો ઠરાવ કર્યો કે તા.૧લી, જૂન, ૧૯૮૭ના રોજ જે કર્મચારીએ નોકરીમાં ૯-૧૮-૨૭ વર્ષ પુરા કર્યા હોય તો તેને અનુક્રમે પ્રથમ, તૃતીય, તૃતિય ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાના આધારે એકી સાથે મેળવવા પાત્ર થશે. પરંતુ તા. ૧લી જૂન, ૧૯૮૭ના રોજ ૯-૧૮ કે ૨૭ વર્ષ ખરેખર પુરા કર્યા ન હોય તો કર્મચારી જેમ જેમ ૯-૧૮ કે ૨૭ વર્ષ પુરા કરશે તેમ તેમ તેને મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળશે. ત્યારબાદ આ આદેશો અંગે મંડળો તરફથી એક યા બીજા પ્રકારની છુટછાટો અંગેની માંગણીઓ ચાલું જ રહી. પરિણામે તા. ૫મી જુલાઇ, ૧૯૯૧ના રોજ ૪૫ વર્ષની વય વટાવી હોય તેવા કર્મચારીઓને પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપી, સરકારના આદેશોને કારણે કેડર બદલાઇ હોય અને પ્રવરતા ગુમાવી હોય તો પણ આ યોજનાનો લાભ આપવો તેમજ અગાઉ બઢતી જતી કરી હોય તેમને પણ આ યોજનાનો લાભ આપવો તેમ ઠરાવ્યું આ છુટછાટના કારણે સરકારી કર્મચારી ઉચ્ચતર પગાર ધોરણની યોજના માટે વધુમાં વધુ પ્રમાણમાં પાત્ર બન્યા. અત્યારની ગણતરી મુજબ એક એવો અંદાજ છે કે રાજ્યના ૫.૩૭ લાખ કર્મચારીઓ પૈકી અંદાજે ૪ લાખ કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણની યોજનાનો લાભ મળી ચુક્યો છે. આ રીતે છુટછાટો મુકવાના કારણે રાજ્ય સરકારની તિજોરી ઉપર સહન ન કરી શકાય તેવો બોજો પડયો છે અને પરિણામે રાજયની મોટા ભાગની મહેસુલી આવક પગાર ભથ્થાઓ પેટે વપરાઇ જાય તેવી પરિસ્થિતિ ઉભી થઇ છે.

ભારત સરકારના ચોથા પગાર પંચની ભલામણો રાજ્ય સરકારના કર્મચારીઓ માટે અમલી બનાવી તે વખતે સરકારનો આશય એવો હતો કે, રાજ્ય સરકારના કર્મચારીઓને પણ કેન્દ્ર સરકારના કર્મચારીઓની જેમ પગાર અને ભથ્થાં મળે. પરંતુ ૯-૧૮-૨૭ ની ઉચ્ચતર પગાર ધોરણની યોજના લાગુ પાડવાના કારણે એવી પરિસ્થિતિ ઊભી થઇ છે કે, રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્ર સરકારના કર્મચારીઓ કરતાં વધુ પગાર ભથ્થાં અને આનુષાંગિક લાભો મળે છે.

રાજ્ય સરકારે જ્યારે ચોથા પગાર પંચની ભલામણો સ્વીકારી ત્યારે એવો નિર્ણય લીધો હતો કે, કેન્દ્ર સરકારથી વધારે કોઇ લાભો રાજ્ય સરકારના કર્મચારીઓને આપવામાં આવશે નહીં. તેમ છતાં મેડીકલ એલાઉન્સ કે જે કેન્દ્ર સરકારમાં રોકડમાં મળવાપાત્ર નથી તે રાજ્ય સરકારમાં પ્રતિ માસ રૂા. ૭૫/- લેખે રોકડમાં ચુકવવામાં આવે છે. રાજ્ય સરકારના કર્મચારીઓને દર બે વર્ષે ૧૫ દિવસની રજાઓનું રોકડમાં રૂપાંતર આપવામાં આવે છે કે, જે કેન્દ્ર સરકારના કર્મચારીઓને મળવાપાત્ર નથી. કેન્દ્ર

સરકારમાં કર્મચારી મુસાફરી કરે તો જ રજા પ્રવાસ રાહત આપવામાં આવે છે. જ્યારે રાજ્ય સરકારમાં દર ચાર વર્ષે ૪ (ચાર) ટીકીટ સુધી ૪,૫૦૦ કીલોમીટરની મર્યાદામાં ભાડુ રોકડમાં ચુકવવામાં આવે છે. ઉચ્ચતર પગાર ધોરણની યોજનાના કારણે મોંઘવારી ભથ્થાનાં હપ્તા જે કેન્દ્ર સરકારના ધોરણે રાજ્ય સરકારના કર્મચારીઓને ચુકવવામાં આવે છે તેમાં પણ વધારાનો બોજો સરકાર ઉપર પડે છે.

તાજેતરમાં રાજ્ય નાણા પંચે પણ તેમના અહેવાલના પ્રકરણ-૪ માં નોંધ્યું છે કે, સરકારી કર્મચારીઓના માથાદીઠ પગાર ભથ્થાના ખર્ચમાં ૯-૧૮-૨૭ ની ઉચ્ચતર પગાર ધોરણની યોજનાના કારણે ઉત્તરોત્તર ખર્ચ વધી રહ્યો છે. કર્મચારીઓની કાર્યક્ષમતા ઘટી છે. ત્રણ ત્રણ ઉચ્તતર પગાર ધોરણનો લાભ મેળવતા હોવા છતાં જવાબદારીઓમાં કોઇ વધારો થયો નથી. વધુ જવાબદારીઓ વહન કરતા કર્મચારીઓ કરતા તેમના જુનીયર કર્મચારીઓ, ઓછી જવાબદારીએ વધુ પગાર મેળવતા હોવાથી સીનીયર કર્મચારીઓમાં અસંતોષ ઊભો થયો છે. તા.૩૧ થી માર્ચ, ૧૯૯૨ સુધીમાં રૂા.૧,૦૦૦/- કરોડનો ખર્ચ થઇ ગયો છે અને દર વર્ષ રૂા.૨૦૦ થી ૨૩૦ કરોડનો બોજ પ્રતિ વર્ષે વધશે એટલે આ યોજનાની સમીક્ષા કરવી જોઇએ.

ઉપરોક્ત હકીકતો જોતાં જણાશે કે રાજ્ય રસકારનો આશય મુળભુત રીતે રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્ર સરકારના કર્મચારીઓ સમકક્ષ પગાર અને ભથ્થા તથા અન્ય લાભો આપવાનો હતો, તેના બદલે ઉચ્ચતર પગાર ધોરણની યોજના અને અવારનવાર છુટછાટો અપાતાં પરિસ્થિતિ એવી ઉભી થઇ છે કે, લગભગ દરેક બાબતમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ કરતાં રાજ્ય સરકારના કર્મચારીઓ માટે રાજ્ય સરકારને વધુ અને જંગી આર્થિક બોજ સહન કરવો પડે છે તથા તેના અમલમાં ઘણી વિસંગતતા ઊભી થઇ છે.

રાજ્ય કર્મચારીઓની વિવિધ માંગણીઓ જેવી કે, વચગાળાની રાહત, મોંઘવારી ભથ્થાના હપ્તા છુટા કરવા તથા ૯-૧૮-૨૭ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજનામાં વિસંગતતાઓ દુર કરીને આદેશો ચાલુ રાખવા વગેરે બાબતનો અભ્યાસ કરવા અને પોતાની ભલામણો કરવા નીચે મુજબની મંત્રી મંડળની પેટા સમિતિની રચના કરવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી નરહરિ અમીન<br>નાયબ મુખ્ય મંત્રીશ્રી, | શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ, રમતગમત, શિક્ષણ (શિક્ષણ નીતિ અને ટેકનીકલ શિક્ષણ સિવાય) અને જેલ. |
| ૨. | શ્રી શશીકાંત આણંદલાલ લાખાણી<br>મંત્રીશ્રી | ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી અને પ્રવાસન |
| ૩. | શ્રી મનોહરસિંહજી જાડેજા<br>મંત્રીશ્રી | નાણા અને બંદરો |
| ૪. | શ્રી જી. સુબ્બારાવ, | અધિક મુખ્ય સચિવશ્રી (આ.બા.) નાણા વિભાગ-સભ્ય સચિવ |

મંત્રી મંડળના પેટા સમિતિએ કર્મચારીઓના વિવિધ (માન્ય) મંડળો / મહામંડળોના પ્રતિનિધિઓ સાથે તા.૭-૭-૯૪, તા.૮-૭-૯૪,તા.૧૪-૭-૯૪, તા.૧૫-૭-૯૪, તા. ૧૬-૭-૯૪ તથા તા.૧૭-૭-૯૪ ના રોજ વિગતવાર ચર્ચા વિચારણા કરી હતી.

સમિતિએ મંડળોના પ્રતિનિધિઓને ખૂબજ સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે, ૯-૧૮-૨૭ ની ઉચ્ચતર પગાર ધોરણની હાલની યોજના અત્યારના મુળભૂત સ્વરૂપમાં ચલાવી શકાય તેમ નથી. કારણ કે તેનાથી મોટા પ્રમાણમાં વિસંગતતાઓ ઉભી થઇ છે તેમજ સરકાર ઉપર નાણાંકીય બોજ મોટા પ્રમાણમાં પડી રહ્યો છે. તે હકીકત ધ્યાનમાં લેતા આ યોજનામાં મુળભુત રીત (ABINITIO) ફેરકાર કરવાની જરૂરીયાત છે. મંત્રી મંડળની પેટા સમિતિએ પોતાના અહેવાલો સરકારશ્રીને તા.૧૭-૭-૯૪ અને તા.૧૨-૮-૯૪ નાં રોજ સુપરત કર્યા હતા. સરકારે પુખ્ત વિચારણાના અંતે સમિતિની ભલામણો સ્વીકારી છે અને તે મુજબના હવે એક પેકેજ ડીલ (PACKAGE DEAL) તરીકે આદેશો કરવાના થાય છે.

સમિતિએ તેના આ અહેવાલોમાં કરેલ ભલામણો સરકારે પુખ્ત વિચારણાને અંતે સ્વીકારી છે અને તે પ્રમાણે એક પેકેજ ડીલ (PACKAGE DEAL) તરીકે નીચે મુજબના આદેશો કરવામાં આવે છે :

## ■ ઠરાવ ■

સરકારી કર્મચારીઓના પ્રશ્નો જેવા કે મોંઘવારી ભથ્થાના બે હપ્તા છુટા કરવા, વચગાળાની રાહત મંજુર કરવી તેમજ ૯-૧૮-૨૭ ની ઉચ્ચ્તર પગાર ધોરણની યોજનામાં રહેલ વિસંગતતાઓ દુર કરવા જેવા પ્રશ્નો અંગે મંત્રીમંડળની પેટા સમિતિએ એક પેકેજ ડીલ (PACKAGE DEAL) તરીકે સરકારી કમૃચારીઓના વિવિધ મંડળો સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ પોતાનો અહેવાલ સરકારને સુપરત કર્યો હતો.

**(૧) મોંઘવારી ભથ્થાનાં દરમાં સુધારણા :**

**૧(૧)** રાજ્ય સરકારના કર્મચારીઓને તા.૧૬-૬-૯૩ ના નાણા વિભાગના સરકારી ઠરાવ નંબર : વલભ - ૧૧૯૩ - ૫૩૨ - જ, અન્વયે મંજુર કરેલ, મોંઘવારી ભથ્થાના દરો નીચે મુજબ સુધારવામાં આવે છે.

| | પગાર શ્રેણી | કઇ તારીખથી ચુકવવા પાત્ર થશે | મોંઘવારી ભથ્થાના દરો પ્રતિ માસ |
|---|---|---|---|
| (અ) | રૂા. ૩૫૦૦/- સુધીના મૂળ પગાર | ૧-૭-૯૩ (પ્રથમ હપ્તો) | મુળ પગારના ૯૭ % |
| | | ૧-૧-૯૪ (બીજો હપ્તો) | મુળ પગારના૧૦૪ % |
| (બ) | રૂા. ૩૫૦૧ થી રૂા. ૬૦૦૦/- સુધીનો મુળ પગાર | ૧-૭-૯૩ (પ્રથમ હપ્તો) | મુળ પગારના ૭૩ % પરંતુ ઓછા માં ઓછા રૂા. ૩૩૯૫/- પ્રતિ માસ. |
| | | ૧-૧-૯૪ (બીજો હપ્તો) | મુળ પગારના ૭૮ % પરંતુ ઓછામાં ઓછા રૂા. ૩૬૪૦ /- પ્રતિ માસ |
| (ક) | રૂા. ૬૦૦૦ /- થી વધુ મુળ પગાર | ૧-૭-૯૩ (પ્રથમ હપ્તો) | મુળ પગારના ૬૩ % પરંતુ ઓછામાં ઓછા રૂા. ૪૩૮૦/- |
| | | ૧-૧-૯૪(બીજો હપ્તો) | મુળ પગારના ૬૭ % પરંતુ ઓછામાંઓછા રૂા.૪૬૮૦- પ્રતિ માસ |

**૧ (૨)** આ હુકમો હેઠળ તા.૧-૭-૯૩ થી મળવાપાત્ર થતા મોંઘવારી ભથ્થાનો વધારો એરીયર્સની રકમ સહિત કર્મચારીઓને રોકડમાં ચુકવવાનો રહેશે.

**૧ (૩)** તા.૧-૧-૯૪ થી મળવાપાત્ર થતા મોંઘવારી ભથ્થાના તારીખ : ૧-૧-૯૪ થી તા.૩૧-૭-૯૪ ના સમયગાળાના એરીયર્સના નાણા કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં એક વર્ષ સુધી જમા રાખવાના રહેશે. ઓગષ્ટ માસથી બંને મોંઘવારી ભથ્થાના હપ્તાઓ પગાર બીલમાં આકારવાના રહેશે.

**૧ (૪)** જે કર્મચારીઓને બીજા અને ત્રીજા ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળ્યો છે તેવા કર્મચારીઓનો આ ઠરાવની જોગવાઇઓ અન્વયે નક્કી થતો મુળ પગાર ધ્યાનમાં લઇએ આ મોંઘવારી ભથ્થુ આકારવામાં રહેશે.

**૧ (૫)** નાણા વિભાગના તા.૧-૬-૮૭ ના ઠરાવ નંબર : ઇસીઆર ૧૦૮૭-૩ એમ, માંની ક્રમાંક : ૪ થી ૮ આગળની મોંઘવારી ભથ્થુ મંજુર કરવા અંગેની અન્ય શરતો યથાવત રહેશે.

**(૨) વચગાળાની રાહત :**

**૨ (૧)** રાજ્ય સરકારના કર્મચારીઓને તા.૧૬ મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ની અસરથી વચગાળાની રાહત પ્રતિ માસ રૂા.૧૦૦/- રોકડમાં ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે. ઓગષ્ટ ૧૯૯૪ ના પગાર બીલમાં વચગાળાની રાહત પગારની સાથે આકારી શકાશે. તા.૧૬- ૯-૯૩ થી તા.૩૧-૭-૯૪ સુધીના સમય માટેની તફાવતનીરકમ પણ રોકડમાં ચૂકવવાની રહેશે.

**૨ (૨)** આ વચગાળાની રાહત એક માત્ર રાહત ગણાશે તે પગાર ભથ્થા કે વેતનની વ્યાખ્યામાં ગણાશે નહીં અને તે અન્વયે આ રકમ અન્ય કોઇ સેવાના લાભ જેવા કે મકાન ભાડા : ભથ્થાની ગણતરી, સ્થાનિક વળતર ભથ્થું, ઓવર ટાઇમ ભથ્થુ, રોકડ વળતર, રજાનું રોકડમાં રૂપાંતર, પગાર બાંધણી, પેન્શન અથવા ગ્રેજ્યુઇટી વિગેરે વિગતો માટે ગણતરીમાં લેવાની નથી.

## ૩. સુધારેલા ઉચ્ચતર પગાર ધોરણની યોજના :-

નાણા વિભાગના તા. ૫મી જુલાઇ, ૧૯૯૧ ના ઠરાવ ક્રમાંક : એઓપી-૧૦૯૧ - ૩-મ, અને ત્યાર બાદ વખતોવખત કરેલ સુધારા અને ત્યાર બાદ બહાર પાડવામાં આવેલ છે, ઠરાવ / પરિપત્રો કે જેનો ઉલ્લેખ પર વંચાણમાં લીધા સામે ક્રમાંક - ૧ થી ૨૨ ઉપર કરવામાં આવેલ છે, તે અન્વયે ઉચ્ચતર પગાર ધોરણંની યોજના હાલ અમલમાં છે. ઉપર આમુખમાં જણાવેલ હકિકતો ધ્યાનમાં લેતા જણાશે કે કર્મચારીઓને તેમની નોકરી દરમ્યાન બઢતીની કોઇ તકો ન હોય અથવા તો બઢતીની મર્યાદિત તકો હોવાના કારણે તેમના પગાર ધોરણમાં મહત્તમ તબક્કે સ્થગિત ન થાય તે આશયથી હાલની યોજના અમલમાં મૂકી છે. અનુભવે એવું જણાયું છે કે, હાલના આદેશોથી બઢતીની તકો હોવા છતાં અથવા તો સમયાંતરે નિયમિત બઢતી મળતી હોવા છતાં કર્મચારી તેના પગાર ધોરણમાં મહત્તમ તબક્કે સ્થગિત ન થયા હોવા છતાં ઉચ્ચતર પગાર ધોરણમાં ૯-૧૮-૨૭ વર્ષની સેવા પૂરી કરતાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળવાપાત્ર બને છે, જે ખરેખર સરકારનો આશય ન હતો . આ પૂર્વભૂમિકાના સંદર્ભમાં આ અંગે પુખ્ત વિચારણાના અંતે વેચાણમાં લીધેલ ઠરાવોની જોગવાઇઓને બદલે આ યોજના મૂળભૂત રીતે (ABINJTION) સુધારીને સરકાર આથી ઠરાવે છે કે તા. ૧ લી જુન, ૧૯૮૭ ના રોજ જેમણે સંબધીત સંવર્ગ અને પગાર ધોરણમાં ૯ વર્ષની સેવા પૂરી કરી હોય અથવા આ તારીખ પછી પણ જ્યારે સંબંધિત સંવર્ગના પગાર ધોરણમાં ૯ વર્ષની સેવા પૂરી કરે ત્યારે તેને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે. તા. ૧-૬-૮૭ ના રોજ ૯ વર્ષથી વધુ એટલે કે ૧૮/૨૭ વર્ષની સેવા એક જ સંવર્ગમાં પૂરી કરી હોય તો પણ માત્ર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળી શકશે . જ્યારે દ્વિતીય અને તૃતિય ઉચ્ચતર પગાર ધોરણ કર્મચારીને તા. ૧લી જુન, ૧૯૮૭ બાદ સંબંધિત સંવર્ગના પગાર ધોરણમાં ૧૮ અને ૨૭ વર્ષે અથવા તો કર્મચારી તેના સંબંધિત ઉચ્ચતર / બઢતીના પગાર ધોરણમાં મહત્તમ તબક્કે પહોચ્યા પછી એક વર્ષ પૂરું કરેલ હોય અને સ્થગિત થયેલ હોય એ બેમાંથી જે મોટું હોય ત્યારે મળવાપાત્ર થશે. પરંતુ તે અગાઉ તેણે બે કરતાં વધુ બઢતીઓ / ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યાં હોવાં જોઇએ નહિ. ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા પછી કર્મચારીને બઢતીવાળી જગ્યા પર બઢતી મળે તો તેને માત્ર એક જ ઉચ્ચતર પગાર ધોરણ / બઢતી મળેલ છે તેમ ગણાશે. હાલના પ્રવર્તમાન આદેશોને સંદર્ભમાં જે કર્મચારીને દ્વિતીય અને તૃતિય ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર થઇ ગયેલ છે તેમના આદેશો આથી રદ ગણાશે. અગાઉના હૂકમો મુજબ દ્વિતીય અને તૃતિય ઉચ્ચતર પગાર ધોરણ મળવાના કારણે તફાવતની રકમ જે તે કર્મચારીના સામાન્ય ભવિષ્યનિધિ હિસાબમાં જમા થયેલ છે તે રકમ સરકારના એકાઉન્ટસમાં તબદીલ કરવાની રહે છે. આ અંગેના હુકમો અલગ રીતે બહાર પાડવામાં આવી રહ્યાં છે.

આ સુધારેલી યોજના નીચેની અન્ય શરતો / જોગવાઇઓને આધીન રહેશે :-

૩(૧) જે જગ્યાએ પગાર અથવા પગાર ધોરણનો મહત્તમ તબક્કો માસિક રૂા. ૩૫૦૦/- કરતાં વધતો ન હોય તેવી તમામ જગ્યાઓને આ યોજના લાગુ પડશે.

૩(૨) પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ જે કર્મચારીએ સંબંધિત સંવર્ગ અને પગાર ધોરણમાં નોકરીના ૯ વર્ષ પૂરાં કર્યા હોય તેને મંજૂર કરવાનો રહેશે, પરંતુ ઉકત કર્મચારીએ આ અગાઉ બે કરતાં વધુ બઢતીઓ મેળવી હોવી જોઇએ નહિ. સંબંધિત પગાર ધોરણમાં ૯ વર્ષની સેવા એટલે માન્ય પદ્ધતિ દ્વારા ભરતી કરવામાં આવેલ હોય તેવા કર્મચારીની પ્રવરતાના હેતુ માટે ગણતરીમાં લેવાતી નિયમિત અને એક જ સંવર્ગ અને એક જ પગાર ધોરણમાં કરેલી સેવા ઉચ્ચતર પગાર ધોરણ આપવાના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે. પરંતુ સરકારે કર્મચારીની સ્વ-વિનંતી સિવાયના જે એકાકી (ISOLATED) સંવર્ગોને અન્ય સંવર્ગોની અંતર્ગત (ENCADRE) કરી દીધા છે તેવા અથવા હવે પછી અંતર્ગત (ENCADRE) કરવામાં આવે તેવા સંવર્ગોની અગાઉની એકાકી (ISOLATED) સંવર્ગની સેવા અથવા તો એવા સંવર્ગો કે જેનું પગાર ધોરણ સમાન હોય પણ નામાભિષાન બદલાયું હોય તો તેવી સેવા ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા માટે ધ્યાનમાં લઇ શકાશે. એ જ રીતે વ્યક્તિગત કિસ્સામાં પણ સરકારે જો જાહેર હિતમાં કર્મચારીને એક સંવર્ગમાંથી બીજા સંવર્ગમાં બદલી કરી હોય અને આ જગ્યાઓનું પગાર ધોરણ સમાન હોય તો બંને સંવર્ગોમાં બજાવેલ સેવા ઉચ્ચતર પગાર ધોરણની યોજના માટે અન્ય શરતોને આધિન રહી ગણતરીમાં લઇ શકાશે. આ માટે સંબંધિત કચેરીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે કે સંબંધિત કર્મચારીનું સંવર્ગ જાહેર હિતમાં બદલાયેલ છે.

સંવર્ગ બદલાયા છતાં પણ જે કિસ્સામાં ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ઉપર જણાવ્યા મુજબ મળવાપાત્ર છે તે કિસ્સામાં

બદલાયેલ સંવર્ગમાં એવા કર્મચારીઓ પ્રવરતા ગુમાવતા હોવા છતાં આ લાભ મળતો હોવાથી નાણાં વિભાગનાં તા. ૬ઠ્ઠી મે, ૧૯૯૨ ના ઠરાવ ક્રમાંક : પગર - ૧૧૯૦-૧૦-મ, ના પારા-૨ ની જોગવાઇમાં તેટલે અંશે ખાસ છૂટછાટ (SPECIAL RELAXATION) મૂકેલી ગણાશે. પરંતુ આ છૂટછાટના કારણે એવું પણ બને કે નવા સંવર્ગમાં તેની પ્રવરતા નીચે જાય. પરિણામે, તે સંવર્ગમાં કામ કરતા અન્ય પ્રવર કર્મચારી કરતાં અન્ય પ્રવર કર્મચારી કરતાં તેનો પગાર વધુ થાય. પરંતુ નિયમોની જોગવાઇમાં છૂટછાટ મૂકીને ખાસ કિસ્સા તરીકે કર્મચારીને આ લાભ આપવાનું સરકારે સ્વીકારેલ હોઇ તે માટે અન્ય પ્રવર કર્મચારી સ્ટેપીંગ અપ (STEPPING UP) માગી શકશે નહિ.

નાણા વિભાગના તા.૧૧ મી ઓકટોબર, ૧૯૯૧ ના સરકારી ઠરાવ ક્રમાંક : એઓપી-૧૧૯૧-૨૦-મ, ના ક્રમ-પ થી 'સ્ટેપીંગ અપ' આપવા માટે જે સ્પષ્ટતા કરવામાં આવી છે તે સ્પષ્ટતા આવા કિસ્સામાં સંવર્ગ / નામાભિમાન બદલાવાને કારણે જુનિયર કર્મચારી સીનીયર કર્મચારી કરતાં વધુ પગાર મેળવે તો પણ 'સ્ટેપીંગ અપ'નો લાભ આપી શકાશે નહિ. એટલે કે સદરહુ ઠરાવની સ્પષ્ટતા આ કિસ્સામાં લાગુ પડશે નહિ.

સરકારે નાણા વિભાગના તા.૨૧ મી માર્ચ, ૧૯૯૧ ના અને તા.૧૮ મી ડિસેમ્બર, ૧૯૯૧ ના જાહેરનામા ક્રમાંક : (જીએન-૮) એઓપી-૧૦૯૧-૨-મ અને (જીએન-૪૪) એઓપી-૧૦૯૧-૧૦-મ, થી કેટલાક સંવર્ગોને અંતર્ગત (EN-CADRE) કરવાના આદેશો કર્યા છે. આ આદેશો નામદાર વડી અદાલત ગુજરાત, અમદાવાદ ખાતે ખાસ દિવાની અરજી ક્રમાંક : ૨૧૪૧ /૯૨ અને ક્રમાંક : ૩૯૧૧/૯૩ દ્વારા પડકારવામાં આવેલ છે, જે વડી અદાલત સમક્ષ પડતર છે, આ આદેશો આ દિવાની અરજીમાં જે આખરી નિર્ણય આવે તેને આધીન રહેશે.

3 (3) ઉચ્ચતર પગાર ધોરણ એટલે તરત પછીનીબઢતીની જગ્યાનું પગાર ધોરણ, પરંતુ તે જગ્યા માટે જુદાં જુદાં પગાર ધોરણની એકથી વધુ બઢતીની જગ્યાઓ હોય તેવી જગ્યા પરના કર્મચારીઓ માટે, તેમનો ઉચ્ચતર પગાર ધોરણનો પગાર, બઢતીની જગ્યાઓમાંથી સૌથી નીચલી જગ્યાના પગાર ધોરણનો પગાર ગણાશે.

પરંતુ, વધુમાં બઢતીનું કોઇ પગાર ધોરણ ન હોય એવા કેસમાં તેના હાલના પગાર ધોરણને મળતું આવતું ઉચ્ચતર પગાર ધોરણ આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ (૧) માં નિર્દિષ્ટ કર્યા મુજબનુંઉચ્ચતર પગાર ધોરણ રહેશે.

પરંતુ વિશેષમાં, જુદાં જુદાં પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં, તે જગ્યાઓનાં ઉચ્ચતર : પગાર ધોરણ, બઢતીના પગાર ધોરણને બદલે, તેના હાલના પગાર ધોરણ સાથે મળતું આવતું આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ (૧) માં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ રહેશે.

3 (૪) આ યોજના હેઠળ મળવાપાત્ર ઉંચામાં ઉંચું પગારધોરણ રૂ.૨૫૦૦-૪૨૦૦ ના પગાર ધોરણથી વધશે નહિ. આ પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦ ના પગાર ધોરણવાળી જગ્યાઓ જેનું બઢતીની જગ્યાનું પગાર ધોરણ રૂ.૨૫૦૦-૪૨૦૦ કે એથી વધુ હોય એને મળવાપાત્ર થશે. બઢતીની જગ્યાનું પગાર ધોરણ રૂ.૨૨૦૦-૪૨૦૦અથવા રૂ.૨૨૦૦-૪૦૦૦ નું હોય તો ઉચ્ચતર પગાર ધોરણ યથાપ્રસંગ રૂ.૨૨૦૦ - ૪૨૦૦ અથવા રૂ.૨૨૦૦-૪૦૦૦ રહેશે. રૂ.૨૦૦૦-૩૫૦૦ ના પગાર ધોરણવાળી જગ્યાઓના કેસમાં જો કોઇ બઢતીની જગ્યા ન હોય તો રૂ.૨૨૦૦-૪૦૦૦ ના પગાર ધોરણને ઉચ્ચતર પગાર ધોરણ ગણવાનું રહેશે.

3 (૫) ઉચ્ચતર પગાર ધોરણવાળી જગ્યા પર નિમણૂંક કરનાર સત્તાધિકારી, પાત્ર કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મજુર કરવા સક્ષમ ગણાશે. પરંતુ, કર્મચારી તેની એકંદર કામગીરી, લાયકાતો અને નિયત પરીક્ષાઓ જ્યાં નિયત થયેલ હોય તો પાસ કર્યેથી બઢતી મેળવવા પાત્ર હોવો જોઇએ. ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે પ્રવર્તમાન તપાસ પ્રક્રિયા / પસંદગી કાર્યપદ્ધતિ લાગુ પડશે. તા.૫-૭-૯૧ પહેલાં ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થતો હોય તો તેવા કિસ્સામાં છેલ્લા ૯ વર્ષના ખાનગી અહેવાલ અને ત્યાર પછી પાત્ર થતો હોય તો તેવા કિસ્સામાં છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ જોવાનાં રહેશે.

કોઇ કર્મચારી પાત્રતાની તારીખે ફરજ મોકૂફી હેઠળ હોય અથવા તેને શિસ્ત અને અપીલના નિયમોના નિયમ-૯ અથવા નિયમ-૧૦ હેઠળ આક્ષેપ પત્રક આપવામાં આવેલ હોય તેમને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે નહિ. જ્યારે કર્મચારીને તેની સામેની ખાતાકીય તપાસમાં નિર્દોષ જાહેર કરવામાં આવે અને ફરજ ઉપર પાછા લેવામાં આવે ત્યારે જ ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાના આધારે મંજુર કરી શકાશે. ભવિષ્યની અસર સાથે કે અસર સિવાય ઇજાફો અટકાવવામાં

આવેલ હોય તો ૯ ઈજાફા પૂર્ણ થયે ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાના આધારે મંજુર કરી શકાશે.

તા.૫-૭-૯૧ ના રોજ કે તે પહેલાંની તારીખે ૪૫ વર્ષની ઉંમર જે કર્મચારીને પૂરી કરી હશે તેઓને તે તારીખથી ખાતાકીય પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિને પાત્ર ગણવામાં આવશે અને તા.૧-૬-૮૭ ના રોજ કે તે પછી જ્યારે ૯ વર્ષ પૂરા કરે ત્યારે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવા પાત્ર થશે. છતાં પણ જે કર્મચારીઓને ઉપલી જગ્યા પર ખરેખર બઢતી મેળવવી હશે તો તેઓએ નિયત ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે. જે કર્મચારીઓ તા.૫-૭-૯૧ પછી ૪૫ વર્ષની ઉંમર પૂરી કરી હોય તેઓને નિયત ખાતાકીય પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિને પાત્ર ગણવામાં આવશે નહિ.

3 (૬) અગ્રિમ ઈજાફા (ADVANCE INCREMENTS) અને ખાસ ઈજાફો (SPECIAL INCREMENTS) ૯ વર્ષની ગણતરી માટે ધ્યાનમાં લેવાશે નહિ.

3 (૭) તૂટક-તૂટક બઢતીના કિસ્સામાં આવી બઢતીનો સમયગાળો જો ઈજાફાના હેતુ માટે ગણતરીમાં લેવાતો હોય તો ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે નીચલા સંવર્ગની સેવા માટે ધ્યાનમાં લવાશે. પરંતુ ઉપલા સંવર્ગમાં (બઢતીની જગ્યાએ) આવી સેવા ધ્યાનમાં લેવાશે નહિ.

3 (૮) જે જગ્યાઓ એકાકી હતી અને અનુસૂચિ-૧ મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હતુ તેમના કિસ્સામાં બઢતીની જગ્યા તા.૧-૬-૮૭ પછી અમલમાં આવી હોય તો આવી બધી જગ્યાઓને અનુસૂચિ-૧ મુજબનું જ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવું અને ખરેખર બઢતીની તારીખથી જ બઢતીની જગ્યાનું પગાર ધોરણ મળવાપાત્ર થશે.

3 (૯) બઢતીના હેતુ માટે કર્મચારી ખાતાકીય પરીક્ષા પોતાના સંવર્ગમાં નવ વર્ષ પૂરા કર્યા બાદ પાસ કરે તો, આવી પરીક્ષા પાસ કર્યાની તારીખે પાત્રતાના આધારે ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

3 (૧૦) બિનપગારી રજાનો સમય ઈજાફા પાત્ર ગણાતો ન હોવાથી ઉચ્ચતર પગાર ધોરણના સમય ગાળા માટે ગણતરીમાં લઇ શકાશે નહિ.

3 (૧૧) એક જ સંવર્ગમાં એક જ ખાતામાં જગ્યાનું નામાભિમાન અલગ હોય તેવી સેવા ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઇ શકાશે. પરંતુ પગાર ધોરણ સમાન હોવા છતાં સંવર્ગ બદલાયેલ હોય તેવી અગાઉની સેવાને ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઇ શકાશે નહિ.

3 (૧૨) અનુમાનીત તારીખ (DEEMED DATE) આ યોજના માટે ૯ વર્ષની ગણતરીમાં લઇ શકાશે. જનારે પુર્નનિર્ધારીત તારીખ (RE-ADJUSTMENT DATE) આ યોજના માટે ગણતરીમાં લઇ શકાશે નહિ.

3 (૧૩) ઉચ્ચતર પગાર ધોરણની યોજનાને પરિણામે સીનીયર કર્મચારી કરતાં જુનિયર કર્મચારીનો પગાર વધુ નિયત થતો હોય તો 'સ્ટેપીંગઅપ'ની (STEPPING UP) સર્વસામાન્ય જોગવાઇઓ લાગુ પડશે અને તે મુજબ તપાસી કિસ્સાઓ નિયમિત કરવાનાં રહેશે.

3 (૧૪) આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર બાંધણી થાય ત્યારે પછીનો ઈજાફો ૧૨ માસ પૂરો થયે મળવાપાત્ર થશે.

3 (૧૫) ખાતા/કચેરીઓમાં જગ્યાઓ બંધ થવાથી ફાજલ (SURPLUS) થયેલ કર્મચારીની અગાઉના ખાતા / કચેરીની સેવા ધ્યાનમાં લેવાશે નહિ.

3 (૧૬) વર્ગ-૪ માં એટેન્ડન્ટ, પટાવાળા, હમાલ વગેરેના સંવર્ગ બદલાતાં હોવાથી સંયુક્ત સેવા ગણી ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળવાપાત્ર થશે નહિ.

3 (૧૭) જે કર્મચારી ઉચ્ચતર પગાર ધોરણને પાત્ર હોય પરંતુ લાયકી-આડ (EFFICIENCY BAR) અટકાવવામાં આવેલ હોય તો લાયકીઆડ (EFFICIENCY BAR) ઓળંગવા દેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની માર્ગદર્શક સૂચનાઓ મુજબ પુનઃ સમીક્ષા કરવાની થશે અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૧૯૮૭ ના નિયમ-૮ હેઠળની નોંધ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૩ (૧૮) ઉચ્ચતર પગાર ધોરણની યોજના હેઠળ ચૂકવવા પાત્ર રકમની ચૂકવણી કરતાં પહેલાં સંબંધિત કર્મચારી પાસેથી આ ઠરાવ સાથે સંલગ્ન અનુસૂચિ-૪ મુજબ બાંયધરી ખત ખાતા / કચેરીના વડાએ મેળવવાનું રહેશે.

૩ (૧૯) આ ઠરાવ હેઠળ મોંઘવારી ભથ્થાના દર, વચગાળાની રાહત અને ઉચ્ચતર પગાર ધોરણની યોજના અંગે લાભ મેળવનાર દરેક કર્મચારીએ આ ઠરાવ સાથે સંલગ્ન અનુસૂચિ-૫ અનુસાર કચેરીના વડાને લેખિત બાંયધરી આપવાની રહેશે આવી લેખિત બાંયધરી મળ્યા બાદ જ કર્મચારીને આ ઠરાવ હેઠળ મળવાપાત્ર રકમની ચૂકવણી કરવાની રહેશે. જે કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણની યોજના લાગુ પડેલ નથી તેમણે આવી બાંહેધરી આપવાની રહેતી નથી.

૩ (૨૦) આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવનાર દરેક કર્મચારીએ આ સરકારી ઠરાવ સાથે સંલગ્ન અનુસૂચિ-૨ અનુસાર લેખિત બાંહેધરી આપવાની રહેશે કે, જેમ અને જ્યારે તેને બઢતી મળવાપાત્ર થશે ત્યારે તેનો તે અસ્વીકાર કરશે નહિ. આનું કારણ એ છે કે આ યોજનાનો આશય પગાર ધોરણની સ્થગિતતા આવી જતી હોય તેમને લાભ આપવાનો છે અને જેમણે કોઈપણ કારણસર બઢતી જતી કરી છે તેમને આ યોજનાનો લાભ આપી શકાય નહિ. જ્યારે તેમને બઢતી મળવાપાત્ર થાય ત્યારે તે તેનો કોઈપણ કારણસર અસ્વીકાર કરશે, તો આ યોજના હેઠળનો લાભ તેણે જતો કરવો પડશે અને તેને તેના મૂળ નીચલા પગાર ધોરણમાં પાછા હઠાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનોલાભ મળેલ ન હોત તો તેને મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોય તે પગાર તે મેળવશે.

આમ છતાં, મૂળ પગાર ધોરણમાં પાછા હઠાવવાના કારણે કર્મચારીએ જેટલા સમય ગાળા માટે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર ભથ્થાં મેળવ્યાં હોય તે સમયગાળા માટેની વસૂલાત કરવામાં આવશે નહિ.

તા.૫-૭-૯૧ પહેલાં જો કોઇ કર્મચારીએ તેને આપવામાં આવેલ બઢતીનો કોઇપણ કારણોસર અસ્વીકાર કર્યો હોય, પરંતુ આ સુધારેલ ઠરાવની અન્ય શરતો પરિપૂર્ણ થતી હોય તો તેને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપી શકાશે. તા.૫-૭-૯૧ પછી કોઇ પણ કારણોસર પછી તે અંગત કારણો હોય, બિમારીને કારણે હોય, વહીવટી (એટલે જેમ કે ટૂંકા ગાળા માટેની બઢતી હોય) કારણોસર કે અન્ય કોઇ કારણસર બઢતી જતી કરી હોય તેને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપી શકાશે નહીં.

ઉપર જણાવ્યા મુજબ બઢતી જતી કરનાર કર્મચારીને સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ આપવાનો લાભ નીચેની શરતોને આધીન રહેશે :

(૧) આ રીતે, તા.૫-૭-૯૧ પહેલાં બઢતી જતી કરનાર કર્મચારીને આ સુધારેલ ઠરાવની જોગવાઇ અનુસાર સુધારેલ ઉચ્ચતરપગાર ધોરણની યોજનાનો લાભ આપવામાં આવે અને તે કર્મચારીનો પગાર સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણમાં જે નક્કી થાય તે પગાર તેના જુનીયર કર્મચારી કરતાં કે જેણે બઢતી સ્વીકારી હતી તેના કરતાં ઓછો થાય તેવા કિસ્સામાં તે જુનીયર કર્મચારીના પગાર ધોરણનો સ્ટેપીંગ અપ કે જુનીયરને મળેલ અન્ય પગાર ભથ્થાનો હક્ક દાવો કરી શકશે નહિ. દા.ત. તા.૧-૧-૧૯૮૬ ના રોજ સીનીયોરીટી લીસ્ટ પરના ક્રમ-૧ ની ૧૦ ઉપરના કર્મચારીઓને બઢતી આપવામાં આવી હોય અને આ પૈકી ક્રમ-૩ અને ૬ સામેના કર્મચારીઓએ બઢતી સ્વીકારી ન હોય, હવે આ આદેશોના કારણે ક્રમાંક-૩ અને ૬ સામેના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવે તો તેમના જુનીયર કર્મચારીઓ કે જેમને અગાઉ બઢતી મળી ગઇ છે તેમના કરતાં ક્રમ-૩ અને ૬ સામેના કર્મચારીઓને પગાર ઓછો નિયત થાય તો પણ તેઓ સ્ટેપીંગ અપ માટે હક્કદાર થશે નહીં.

(૨) તા.૫-૭-૯૧ પહેલાં બઢતી જતી કરનાર કર્મચારીને આ રીતે સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવે ત્યારે લાભ મેળવનાર કર્મચારીએ આ ઠરાવ સાથેની અનુસૂચિ-૬ મુજબનું બાંહેધરી પત્રક સક્ષમ અધિકારીને આપવાનું રહેશે. આવું બાંહેધરી પત્રક મળ્યા બાદ જ સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરનાર સક્ષમ અધિકારીએ સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

૩ (૨૧) ઉચ્ચતર પગાર ધોરણમાંની નિમણૂંક આથી નિમણૂંકના સમયગાળા દરમિયાન પ્રવર્તમાન જગ્યાની સામે તેને યથાપ્રસંગ ઉચ્ચતર પગાર ધોરણની જગ્યા ગણીને કરવામાં આવશે. આથી દરેક કક્ષાની મંજૂર થયેલ જગ્યાના સંખ્યા બળમાં, તે કક્ષામાં ઉચ્ચતર પગાર ધોરણવાળી જગ્યા સામેની નિમણૂંકને પરિણામને કદી વધારો કરી શકાશે નહિ.

૩(૨૨) આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણમાં નિમણૂંક થયેથી કર્મચારીની પગાર બાંધણી બઢતી વખતે કરવામાં આવે છે તેજ રીતે મુંબઇ રાજય સેવા નિયમોના નિયમ-41 (A) (1) અનુસાર કરવાની રહેશે. નાણાં વિભાગના તા. ૬ ઠ્ઠી, એપ્રિલ, ૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : પીજીઆર-૧૦૮૭-૧૧૪૨-ચ, ની જોગવાઇ આ યોજનાના કિસ્સામાં પણ લાગુ પડશે. આવો વિકલ્પ વાપરનારને વિકલ્પની તારીખથી દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાના ધોરણે મળવાપાત્ર બનશે.

૩(૨૩) જો કર્મચારી ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા પછી બઢતી મેળવે તો તે મુંબઇ રાજય સેવા નિયમોના નિયમ-૪૧ (A) (1) અનુસાર પગાર બાંધણીનો લાભ મેળવી શકશે નહિ.

પરંતુ, બઢતીની જગ્યાનું પગાર ધોરણ, ઉચ્ચતર પગાર ધોરણ કરતાં ઉચું હોય તેવા કિસ્સામાં પગાર બાંધણી મુંબઇ રાજય સેવા નિયમોના નિયમ-૪૧ (A) (1) અનુસાર કરવાની રહેશે.

૩(૨૪) આ યોજના દાખલ થતાં અમુક જગ્યાઓની બાબતમાં ૧૭ વર્ષની નોકરી પછી સીનીયર પગાર ધોરણ આપવાની હાલની યોજના બંધ થયેલી ગણાશે, તેજ રીતે આ યોજનાના હેતુસર સીલેકશન ગ્રેડની અગાઉની યોજના બંધ થયેલી ગણાશે. સીનીયર પગાર ધોરણ / સીલેકશન ગ્રેડ મેળવી ચૂકેલ કર્મચારીઓ ઉપર દર્શાવેલી પાત્રતાની શરતો પૂરી કરે તો તેઓ તે પછીનું ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા હક્કદાર બનશે.

૩(૨૫) જે કર્મચારીઓને સીલેકશન ગ્રેડ મળી ગયેલ છે તેમને વિકલ્પ આપવામાં આવે કે કાંતો સીલેકશન ગ્રેડ મેળવવાનું ચાલુ રાખે અને સીલેકશ ગ્રેડ મળ્યા પછી તા. ૧-૬-૮૭ ના રોજ કે ત્યાર બાદ જયારે નવ વર્ષ પૂરા કરે ત્યારે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળે અથવા તો સીલેકશન ગ્રેડ જતો કરીને ૯-૧૮-૨૭ વર્ષની યોજના સ્વીકારે. દા. ત. જો કર્મચારીને તા. ૧-૧-૭૩ ના રોજ સીલેકશન ગ્રેડ મળેલ હોય અને તે સીલેકશન ગ્રેડ પગાર ધોરણનો વિકલ્પ આપે તો પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તા. ૧-૬-૮૭ ના રોજ મેળવશે, તા.૧-૧-૮૨ ના રોજ નહિ. આજ રીતે જો કર્મચારીને તા. ૧-૧-૮૦ ના રોજ સીલેકશન ગ્રેડ મળેલ હોય અને તે સીલેકશન ગ્રેડ પગાર ધોરણનો વિકલ્પ આપે તો પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તા. ૧-૧-૮૯ ના રોજ મેળવશે, તા. ૧-૬-૮૭ ના રોજ નહિ.

જો કર્મચારીને તા. ૧-૧-૭૩ ના રોજ સીલેકશન ગ્રેડ મળેલ હોય તે યથાવત રાખીને અને તે ઉચ્ચતર પગાર ધોરણનો વિકલ્પ આપે તો પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તા. ૧-૬-૮૭ ના રોજ મેળવશે. તા. ૧-૧-૮૨ ના રોજ નહિ. આજ રીતે જો કર્મચારીને તા.૧-૧-૮૦ ના રોજ સીલેકશન ગ્રેડ મળેલ હોય અને તે ઉચ્ચતર પગાર ધોરણનો વિકલ્પ આપે તો પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તા. ૧-૧-૮૯ ના રોજ મેળવશે, તા. ૧-૬-૮૭ ના રોજ નહિ. આમ કરવાનું કારણ એ છે કે આ યોજનાનો અમલ તા. ૧-૬-૮૭ થી કરવાનો છે અને સીલેકશન ગ્રેડને બઢતી ગણી છે.

સીનીયર/સીલેકશન ગ્રેડ પગાર ધોરણમાં લાભ મેળવેલ કર્મચારી ઇચ્છે તો સીનીયર/સીલેકશન ગ્રેડ પગાર ધોરણ ચાલુ રાખવાનો અથવા આ યોજના સ્વીકારવાનો વિકલ્પ આપી શકશે. જો તેઓ આ યોજનામાં જોડાવાનો વિકલ્પ આપે તો તેમણે જાણે કે સીનીયર પગાર ધોરણનો / સીલેકશન ગ્રેડનો લાભ લીધો જ ન હોય એ રીતે પગાર બાંધણી કરવામાં આવશે. આમ કરવાના પરિણામે પગાર ભથ્થાની રકમ જો કાંઇ નીકળતી હોય, તો તે આ યોજના હેઠળ મળવાપાત્ર થતા લાભ સામે સરભર કરવાની રહેશે.

વિકલ્પ, આ સરકારી ઠરાવ સાથેની અનુસુચિ-૩ મુજબના નમૂનામાં લેખિત સ્વરૂપમાં આપીને આ સરકારી ઠરાવ બહાર પાડયાની તારીખથી ૩ માસમાં યથાપ્રસંગ (ક) અને (ખ) માં નિર્દિષ્ટ કરેલ યોગ્ય સત્તાધિકારીને જણાવવાનો રહેશે.

(ક) કર્મચારી રાજયપત્રિત અધિકારી હોય તો ખાતા વડાને, (ખ) કર્મચારી રાજયપત્રિત અધિકારી ન હોય તો જેમના તાબામાં તેમને મૂકવામાં આવ્યા હોય તે ખાતાના કે કચેરીના વડાને.

૩(૨૬) આ યોજના તા. ૧લી જૂન, ૧૯૮૭ થી અમલમાં આવેલી ગણાશે.આ યોજનાના પરિણામે ૧૭ વર્ષની નોકરી પુરી કર્યા બાદ સીનીયર પગાર ધોરણ મંજૂર કરવા બાબતના વિવિધ ખાતાના હુકમો રદ થશે. તેજ રીતે આ યોજનાના હેતુસર સીલેકશન ગ્રેડના હુકમો રદ થશે.

૩(૨૭) નાણાં વિભાગના તા. ૧૯મી જૂન, ૧૯૮૭ ના ઠરાવ ક્રમાંકઃ ઇસીઆર -૧૦૮૭-૨૪-મ, હેઠળ દાખલ કરાયેલ સ્થગિતતા ઇજાફાની યોજના હવે એવા ફેરફાર સાથે ચાલુ રહે છે કે જેમને ઉચ્ચતર પગાર ધોરણની યોજના લાગુ પડતી

ન્ટથી અને જે પગાર ધોરણમાં મહત્તમ પગાર માસિક રૂા.૬,૭૦૦/- કરતાં વધુ ન હોય તે પગાર ધોરણમાં કામ કરતા કર્મચારીઓને સ્થગિતતા ઇજાફાની યોજના લાગુ પડશે.

૩(૨૮) જે કર્મચારીઓ તા. ૧લી ઓગષ્ટ, ૧૯૯૪ પહેલા નિવૃત થઇ ગયાં છે તેમના કિસ્સામાં કોઇ વસુલાત કરવાની કે આ આદેશો અન્વયે તેમનો પગાર ફરીથી નિયત કરવાનો રહેશે નહિ; તા. ૩૧ મી જુલાઇ, ૧૯૯૪ સુધીમાં નિવૃત થયેલાં કર્મચારીનું તા. ૩૧-૭-૯૪ સુધી ઉચ્ચતર પગાર ધોરણ વહિવટી કારણોસર મંજૂર ન થયેલ હોય તો તેવા કર્મચારીઓને આ આદેશો થયા પહેલા જે તે મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરી શકાશે. તા. ૩૧-૭-૯૪સુધીમાં નિવૃત થયેલ કર્મચારીનું પેન્શન તેના આધારે નક્કી કરવાનું રહેશે. આવા કર્મચારીઓને મંજૂર કરવામાં આવેલ દ્વિતીય અને તૃતિય ઉચ્ચતર પગાર ધોરણ અને તેમના પરિણામે મંજૂર કરેલ પેન્શનની રકમની વસુલાત જતી (WAIVE) કરવામાં આવે છે.

૩(૨૯) પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાને કારણે તા. ૧-૬-૮૭ થી તા. ૩૦-૯-૯૧ સુધીની લ્હેણી થતી રકમ કર્મચારી નિવૃત થાય ત્યાં સુધી તેમના સામાન્ય ભવિષ્યનિધિ હિસાબમાં જમા રહેશે.

૩(૩૦) આ યોજના હેઠળના હવે તમામ તબક્કે પગાર, પગાર બાંધણીની ચકાસણી ઓડિટ કચેરીએ માન્ય રાખ્યા અગાઉ પગાર બિલમાં આકારી શકાશે નહિ તેમજ આ આદેશો બહાર પાડયા પહેલાંના કિસ્સાઓમાં પણ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા પાત્ર કરેલ કર્મચારીઓના કિસ્સામાં પગાર બાંધણીની ચકાસણીનું ઓડિટ કરાવી લેવાનું રહેશે. તેમ છતાં પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ જે મંજૂર થઇ ગયેલ છે તેનું ઓડિટ ન થયું હોય તો પણ ઓગષ્ટ, સપ્ટેમ્બર અને ઓકટોબર, ૧૯૯૪નો પગાર ઓડિટ વગર ચૂકવી શકાશે અને એ બાબતનું પ્રમાણપત્ર નવેમ્બર, ૧૯૯૪ ના પગાર બીલમાં આપવાનું રહેશે કે ''જેમને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ છે તેવા તમામ કર્મચારીઓના પગાર બાંધણીની ચકાસણી ઓડિટ કચેરી પાસે કરાવી લેવામાં આવેલ છે.ઓડિટ તંત્રને પગાર બાંધણીની ચકાસણી કરવાની સરળતા રહે તે હેતુથી આ અંગેની સુચનાઓ અલગ રીતે બહાર પાડવામાં આવી રહી છે.

આ યોજના હેઠળ નક્કી થયેલ પગાર બાંધણીની ચકાસણી સંબંધકર્તા ઓડિટ તંત્ર દ્વારા કરાવવાની થશે એટલે કે,

(૧) જે કર્મચારીઓના પગાર, પગાર અને હિસાબી કચેરી ધ્વારા થાય છે તેમના કિસ્સામાં ચકાસણી પગાર અને હિસાબી કચેરી ધ્વારા થશે.

(૨) જિલ્લા કક્ષાએ સ્થાનિક ભંડોળ હિસાબ કચેરી દ્વારા ચકાસણી કરવાની થશે.

(૩ અનુદાન મેળવતી સંસ્થા તથા પ્રાથમિક શાળાના શિક્ષકોના પગાર બાંધણીની ચકાસણી સ્થાનિક ભંડોળ હિસાબ કચેરી દ્વારા થશે.

૩(૩૧) આ યોજના રાજય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિનસરકારી શાળા / કોલેજના બિનશૈક્ષણિક કર્મચારીઓ અને જેમના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબ હાલ રાજય સરકારના હસ્તક છે તેવા કર્મચારીઓને લાગુ પડશે. આ યોજના કામ પૂરતા મહેકમ પરના કર્મચારીઓને (WORK CHARGED ESTABLISHMENT) લાગુ પડશે નહિ.

આ યોજનાનો લાભ પંચાયત કર્મચારીઓ અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ પર અથવા તબદીલ થઇને આવેલા કર્મચારીઓને યોગ્ય ફેરફાર સાથે આપવામાં આવશે. આ હુકમોને કારણે થનાર ખર્ચ સહાયક અનુદાનની ગણતરીના નિયત ધોરણો મુજબ ખર્ચ તરીકે ગણાશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અ.બ. પઠાણ
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ, ........................................

........................................

........................................

........................................

મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,

માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ.

માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓ તથા

માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

❈ સચિવશ્રી, ગુજરાત વિદ્યાનસભા, સચિવાલય, ગાંધીનગર.
❈ સચિવશ્રી, જાહેર સેવા આયોગ, અમદાવાદ.
❈ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
❈ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
❈ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
❈ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો.

એકાઇઉન્ટન્ટ જનરલશ્રી (૧) ઓડીટ, અમદાવાદ.

સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૨) (એ.એન્ડ ઇ.) રાજકોટ.

સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૨) (એ.એન્ડ ઇ.) અમદાવાદ.

સીનીયર એકાઉન્ટ જનરલશ્રી, (ઓડીટ) અ રાજકોટ.

સર્વે ખાતાના વડાઓ / કલેકટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

સર્વે કચેરીના વડાઓ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, (નર્મદા યોજના), વડોદરા/ ગાંધીનગર

સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ.

નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.

સર્વે માન્ય મંડળો.

નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વેશાખાઓ.

પસંદગી ફાઇલ, નાણા વિભાગ (મ-શાખા)

---

❈ પત્ર દ્વારા

## અનુસૂચિ - ૧

( જુઓ યોજનાના ફકરા ૩- (૩) અને ૩(૮) )

| ક્રમ નં. | હાલનું પગાર ધોરણ રૂા. | ઉચ્ચતર પગાર ધોરણ રૂા. |
|---|---|---|
| ૧. | ૭૫૦-૯૪૦ | ૭૭૫-૧૦૨૫ |
| ૨. | ૭૭૫-૧૦૨૫ | ૮૦૦-૧૧૫૦ |
| ૩. | ૮૦૦-૧૧૫૦ | ૯૫૦-૧૪૦૦ |
| ૪. | ૮૨૫-૧૨૦૦ | ૯૭૫-૧૬૬૦ |
| ૫. | ૯૫૦-૧૪૦૦ | ૧૨૦૦-૧૮૦૦ |
| ૬. | ૯૫૦-૧૫૦૦ | ૧૨૦૦-૨૦૪૦ |
| ૭. | ૯૭૫-૧૬૬૦ | ૧૩૨૦-૨૦૪૦ |
| ૮. | ૧૧૫૦-૧૫૦૦ | ૧૩૨૦-૨૦૪૦ |
| ૯. | ૧૨૦૦-૧૮૦૦ | ૧૩૫૦-૨૨૦૦ |
| ૧૦. | ૧૨૦૦-૨૦૪૦ | ૧૪૦૦-૨૬૦૦ |
| ૧૧. | ૧૩૨૦-૨૦૪૦ | ૧૪૦૦-૨૬૦૦ |
| ૧૨. | ૧૩૫૦-૨૨૦૦ | ૧૬૦૦-૨૬૬૦ |
| ૧૩. | ૧૪૦૦-૨૩૦૦ | ૧૬૪૦-૨૯૦૦ |
| ૧૪. | ૧૪૦૦-૨૬૦૦ | ૧૬૪૦-૨૯૦૦ |
| ૧૫. | ૧૬૦૦-૨૬૬૦ | ૨૦૦૦-૩૨૦૦ |
| ૧૬. | ૧૬૪૦-૨૯૦૦ | ૨૦૦૦-૩૫૦૦ |
| ૧૭. | ૧૭૪૦-૩૦૦૦ | ૨૦૦૦-૩૫૦૦ |
| ૧૮. | ૨૦૦૦-૩૨૦૦ | ૨૨૦૦-૪૦૦૦ |
| ૧૯. | ૨૦૦૦-૩૫૦૦ | ૨૨૦૦-૪૦૦૦ |

# અનુસૂચિ-૨
# બાંયધરીનું ફોર્મ
(જુઓ યોજનાઓ ફકરો-૩(૨૦)

પ્રતિ, ..........................................

..........................................

..........................................

..........................................

પ્રતિ,

હું ............................................................ કચેરીમાં ............................................................ ખાતે

............................................ તરીકે નોકરી કરૂં છું.

મેં નાણા વિભાગના તા.૧૬-૮-૯૪ ના સરકારી ઠરાવ ક્રમાંક : પગર ૧૧૯૪-૪૪-મ ની જોગવાઇ વાંચી છે. અને આથી હું તેમા જણાવેલી શરતો સાથે સંમત થાઉં છું. વધુમાં આથી બાંયધરી આપું છું કે, મને જેમ અને જ્યારે બઢતી મળવાપાત્ર થશે ત્યારે તેનો અસ્વીકાર કરીશ નહી. મને જ્યારે બઢતી મળવાપાત્ર થાય ત્યારે કોઇ કારણસર તેનો અસ્વીકાર કરૂં તો હું ''સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ યોજના'' હેઠળ મળતા લાભ જતા કરીશ અને મુળ નીચલા પગાર ધોરણનો સ્વીકાર કરીશ તેમજ મને '' સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો'' લાભ મળ્યો ન હોત તો મને મુળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર ધોરણ મળવાપાત્ર થશે.

સ્થળ : ..........................

તારીખ : ..........................

કર્મચારીની સહી ..........................................

કર્મચારીનું નામ ..........................................

કર્મચારીનો હોદો ..........................................

કચેરી ..........................................

**ખાસ નોંધ :-**

આ ફોર્મમા કોઇપણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહિ.

## અનુસૂચિ-૩
## વિકલ્પનું ફોર્મ

( જુઓ યોજનાનો ફકરો -૩ (૨૫) )

હું ........................................ કચેરીમાં ........................................ ખાતે

........................................ તરીકે નોકરી કરૂં છું. ........................................

........................................ વિભાગના તારીખ : ....................

ના સરકારી ઠરાવ ક્રમાંક : ........................................

હેઠળ મંજૂર કરવામાં આવેલ સીનીયર / સિલેકશન પગાર ધોરણ હેઠળ મને તા. .................... થી અમલમાં આવે તે રીતે સીનીયર/સીલેકશન પગાર ધોરણનો લાભ આપવામાં આવ્યો છે. હવે, આથી ઉકત સીનીયર/સિલેકશન પગાર ધોરણને બદલે હું નાણા વિભાગના તારીખ :- ૧૬-૮-૯૪ ના સરકારી ઠરાવ ક્રમાંક : પગર ૧૧૯૪-૪૪-મ-અન્વયે દાખલ કરવામાં આવેલ યોજના હેઠળ તા. ૧-૬-૧૯૮૭ થી સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ પસંદ કરવાનો વિકલ્પ આપુ છું. હું આથી કબૂલ કરુ છું કે, મને અગાઉ સીનીયર/સિલેકશન પગાર ધોરણ મંજૂર કરવાને કારણે ચુકવવામાં આવેલ વધારાની રકમ અથવા પગાર અને ભથ્થામાં તફાવતની રકમ જો કોઇ નીકળતી હોય તો તે '' સુધારેલ ઉચ્ચતર 'પગાર ધોરણ યોજના'' હેઠળ મળવાપાત્ર થતા લાભ સામે સરભર કરવાની રહેશે. અથવા વસુલાત માટે સરકારમાં ચાલતી આવેલી પધ્ધતિ પ્રમાણે રાબેતા મુજબ વસુલ કરવાની રહેશે.

(૨) આથી આપવામાં આવેલ આ વિકલ્પ આખરી છે અને હવે પછીની કોઇ પણ તારીખે તેમાં ફેરફાર કરી શકાશે નહિ.

સહી ........................................

નામ ........................................

હોદો ........................................

જે કચેરીમાં નોકરી કરતા હોય તે ....................

........................................

મારી સમક્ષ સહી કરી.

સહી ........................................

કચેરીના વડા (બિન રાજ્યપત્રિત

કર્મચારીની બાબતમાં)

સહી ........................................

કોઈ બીજા રાજ્યપત્રિત અધિકારી,
(રાજ્યપત્રિત અધિકારીની બાબતમાં)

સ્થળ : ........................................

તારીખ : ........................................

## અનુસૂચિ-૪
## બાંયધરી ખત
(જુઓ યોજનાનો ફકરા-૩ (૧૮) )

આથી હું કબૂલ કરૂં છું કે નાણા વિભાગના તારીખ : ૧૬-૮-૯૪ ના ઠરાવ ક્રમાંક : પગર ૧૧૯૪-૪૪-મ અન્વયે ઉચ્ચતર પગાર ધોરણની યોજના હેઠળની પગાર બાંધણી અન્વયે મને ચુકવવામાં આવેલ વધારાની રકમ સરકારમાં ચાલતી આવેલ પધ્ધતિ પ્રમાણે રાબેતા મુજબ વસુલ કરવાની રહેશે.

સ્થળ : ..........................

તારીખ : ..........................

સહી ....................................

નામ ....................................

હોદો ....................................

જે કચેરીમાં નોકરી કરતા હોય તે કચેરી.

## અનુસૂચિ : ૫
## બાંયેધરીનું ફોર્મ
(જુઓ યોજનાનો ફકરો - ૩ (૧૯)

પ્રતિ, ..........................................

..........................................

..........................................

..........................................

હું ............................................................ કચેરીમાં ............................

ખાતે .............................. તરીકે નોકરી કરૂં છું.

મેં મોંઘવારી ભથ્થાના દર, વચગાળાની રાહત અને સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અંગેના નાણા વિભાગના તા.૧૬-૮-૯૪ ના સરકારી ઠરાવ ક્રમાંક : પગર - ૧૧૯૪-૪૪-મ.ની જોગવાઇ વાંચી છે અને આથી હું તેમાં જણાવેલી શરતો સાથે સંમત થાઉ છું.

સ્થળ : ..........................

તારીખ : ..........................

કર્મચારીની સહી ....................................

કર્મચારીનું નામ ....................................

કર્મચારીનો હોદો ....................................

કચેરી ..........................................

**ખાસ નોંધ :-**

આ ફોર્મમાં કોઇપણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહિ.

# અનુસૂચિ-૬
## બાંયધરી પત્રક
( જુઓ યોજનાનો ફકરા નંબંર-૩ (૨૦) (૨) )

પ્રતિ, ..........................................

..........................................

..........................................

..........................................

હું ............................................................ કચેરીમાં ............................................................ ખાતે

............................................................ તરીકે નોકરી કરૂં છું.

મેં નાણા વિભાગમાં તા.૧૬ ઓગષ્ટ, ૧૯૯૪ ના સરકારી ઠરાવ ક્રમાંક : પગર-૧૧૯૪-૪૪-મ ની જોગવાઇ વાંચી છે. આથી હું ઠરાવમાં જણાવેલી શરતો સાથે સંમત થાઉ છું. વધુમાં આથી બાંહેધરી આપું છું કે, મે તા.૫-૭-૯૧ પહેલાં બઢતી જતી કરી હતી, છતાં સરકારના તા. ૧૬ ઓગષ્ટ ૧૯૯૪ ના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : પગર-૧૧૯૪-૪૪-મ અન્વયે મને સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવશે તો મારા જુનીયર શિક્ષક કે જેમણે બઢતી સ્વીકારી હતી અને પરિણામે તેમને મારા કરતાં વધુ પગાર ભથ્થા મળ્યા હોય કે મળે કે મળશે તો તે માટે તેની સરખામણી કરી પગાર નિયત કરવા સ્ટેપીંગ અપ (STEPPING UP) માટે હું કોઇ હકક દાવો કરીશ નહીં.

સ્થળ : ..........................

તારીખ : ..........................

કર્મચારીની સહી ..................................

કર્મચારીનું નામ ..................................

કર્મચારીનો હોદો ..................................

કચેરી ..........................................

**ખાસ નોંધ :**

આ બાંહેધરી ખતમાં કોઇપણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કાર્યવાહી કોઇપણ કચેરી શિક્ષક દ્વારા કરી શકાશે નહિ.

---

ક્રમાંક ખ-૨ / નવું ઉચ્ચ પ. ધો. / - ૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, રાજકોટ
તા.૨૫-૮-૯૪

પ્રતિ,
આચાર્યશ્રી
બિન સરકારી / સરકારી / માધ્ય. શાળાઓ તમામ યોગ્ય અમલ અર્થે.

(એસ. બી. માંડલિક)
જિલ્લાશિક્ષણાધિકારી
રાજકોટ.